શારદાબેન હોસ્પીટલના આરએમઓ પાસે ખૂલાસો માંગ્યો

અમદાવાદ,તા.૨૫

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન સ્ટે. કમિટીની બેઠકમાં આજે શારદાબેન હોસ્પીટલમાં દર્દીને વધુ સમય ટ્રોમાં સેન્ટરમાં વધુ સમય બેસી રહેવું પડ્યું હતું. જે બાબતની ફરિયાદ કરવામાં આવતા શારદાબેન હોસ્પીટલના આર.એમ.ઓ.ને નોટીસ આપવામા આવી છે. અમદાવાદ મહાનગર પાલિકાની સ્ટે. કમિટીના સભ્ય દ્વારા કમીટીમાં શારદાબેન હોસ્પીટલોમાં તાજેતરમાં ગંભીર ઈજા વાળા દર્દીને એક કલાકથી વધુ સમય ટ્રોમાં સેન્ટરમાં બેસી રહેવું પડ્યું હતું. જે બાબતની ફરિયાદ કમીટીમાં કરવામાં આવતા શારદાબેન હોસ્પીટલના આર.એમ.ઓ. પાસેથી લેખીત ખુલાસો માંગવામાં આવ્યો છે. અને આવી ઘટના ફરી ના બને તે બાબતે ધ્યાન રાખવા સૂચના આપવામાં આવી છે. આજે કમીટી બાદ ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, હાલમાં જે ડોર ટુ ડોર ગાડી કચરો લેવા માટે જાય છે તેના તમામ કોન્ટ્રાકટરને સમયસર સોસાયટીમાંથી કચરો ઉપાડી લેવા સૂચના આપવામાં આવી છે.

આજે સ્ટે. કમિટીમાં ગરમીના કારણે તળાવામાં પાણી ઓછું થઈ જાય છે જે બાબતે ચર્ચા કરવામાં આવી હતી. જે પણ તળાવોમાં પાણી ઓછું છે તેવા તળાવોમાં એરેટર મૂકવાની સૂચના આપવામાં આવી છે. ગત વર્ષ ઉનાળામાં નારોલ અને ધૂમા તળાવોમાં પાણી ઓછું થઈ જતાં માછલીઓના મૃત્યુ થયા હતા. વધુમાં મધ્યઝોનમાં પૂરતા પ્રેશરથી પાણી નહીં મળવાની અનેક ફરિયાદો સામે આવી હતી. જે બાબતે અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી કે, પ્રેશરથી પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવે. હાલમાં રોડ રી-સરફેસના કામો પૂરઝડપે ચાલી રહ્યા છે ત્યારે રોડના કામ દરમિયાન જે પણ કેચપીટના ઢાંકણા દબાઈ ગયા છે તે રોડના લેવલે લાવી દેવા પણ સૂચન કરવામાં આવ્યું હતું.

આગામી ૭ મેના રોજ મતદાન યોજાવાનું છે ત્યારે ડોર ટુ ડોર ગાડીમાં મતદાન વધુ કરવાની ઝીંગલ શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત હોર્ડીંગ લગાવવામાં આવશે જે લોક ઈનફલુઅર્સ છે તેમને પણ વધુ મતદાન કરવા માટેનો મેસેજ આપવા માટે કહેવામાં આવ્યું છે હાલમાં જેટલા પણ ટેકસધારકો છે મીલકત ધારકો છે તેમને મેસેજ મોકલવામાં આવશે કે વધુમાં વધુ મતદાન કરવામાં આવે.

દર્દીને સમયસર સારવાર નહીં મળતા કમીટીમાં રજુઆત કરવામાં આવી હતી

સીઈઆઈઆર પોર્ટલના ઉપયોગથી ૨૧૫ મોબાઈલ ફોન કબજે કરાયા

ગાંધીનગર,તા.૨૫

ગાંધીનગર જીલ્લા વિસ્તારમાં ગુમ થયેલ- ચોરાયેલ મોબાઈલ ફોનને રીકવર કરવા સારૂ સેન્ટ્રલ ઈક્વિપમેન્ટ આઈડેન્ટીટી રજિસ્ટર પોર્ટલ અમલમાં મુકેલ છે જેથી આ પોર્ટલનો વધુમાં વધુ ઉપયોગ કરવા સારૂ ડીઆઈજીપી વિરેન્દ્રસિંહ યાદવ તથા જીલ્લા પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમસેટ્ટી નાઓએ તાબાના અધિકારીઓને જરૂરી સૂચના આપેલ હતી.

જે અન્વયે ગાંધીનગર ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેકટર ડી.બી. વાળા તથા એચ.પી. પરમારએ તાબાના એ.એસ.આઈ. કેતનકુમાર રમણલાલ મારફતે જીલ્લાના થાણામાં કામ કરતાં કોમ્પ્યુટર ઓપરેટરને ઉપરોકત પોર્ટલ બાબતે માહિતીગાર કરી ગુમ થયેલ, ચોરાયેલ મોબાઈલ રીકવર કરવા સારૂ જરૂરી તાલીમ આપેલ.

ત્યારબાદ ઉપરોકત ગુમ થયેલ-ચોરીમાં ગયેલ મોબાઈલ ફોન ઉપરોકતક પોર્ટલ આધારે ટ્રેસીંગ કરતા તે ગુજરાત રાજય તથા ગુજરાત બહારના રાજયોમાં ટ્રેસ થતા એલ.સી.બી-૧, ૨ તેમજ પોલીસ સ્ટેશનો દ્વારા અલગ અલગ ટીમો તૈયાર કરી મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન તથા મહારાષ્ટ્ર જેવા રાજયોમાં મોકલી આપેલ.

જે ટીમો દ્વારા કુલ ૧૧ મોબાઈલ ગુનાના કામે તથા અન્ય મોબાઈલ ગુમ અરજીના કામે મળી જીલ્લાના અડાલજ ૪૫, ડભોડા-૧૪ કલોલ શહેર-૫૦, માણસા-૧૦, પેથાપુર-૩, રખીયાલ-૬, સાંતેજ-૯ ચોલાડા-૭, સેકટર-૭-૧૩, સેકટર- ૨૧-૯, દહેગામ-૧૮, ઈન્ફોસીટી-૩૮ તથા કલોલ તાલુકા-૮ એમ કુલ ૨૩૦ મોબાઈલ ફોન-કિ.રૂા. ૩૦,૨૪,૦૮૩ મુજબના મોબાઈલ રીકવર કરેલ છે.

ગાંધીનગર પોલીસે રૂા.૩૦ લાખ વધુના ફોન હસ્તગત કર્યા

જમીન માપણીની અરજી પર કાર્યવાહી નહીં થતા ગાંધીનગર ડીઆઈએલઆરને ૨૫ હજારનો દંડ

અમદાવાદ,તા.૨૫

રાજયમાં જમીન માપણી સહિતના કેસોમાં ડિસ્ટ્રીકટ ઈન્સ્પેકટર લેન્ડ રેકોર્ડ (ડીઆઈએલઆર) અધિકારીઓની લાલિયાવાળી અને ફરજ પ્રત્યેની ઉદાસીનતાને લઈ ગુજરાત હાઈકોર્ટ લાલઘૂમ બની હતી. જસ્ટીસ નિર્ઝર એસ. દેસાઈએ જમીન માપણી અધિકારીઓનો ઉધડો લેતાં માર્મિક ટકોર કરતાં જણાવ્યું હતું કે, જમીન માપણી સહિતની અરજીઓ પર ડીઆઈએલઆર દ્વારા સમયસર કોઈ કામગીરી જ થતી નથી કે પગલાં પણ લેવાતા નથી. એટલે સુધી કે, ખેડૂતો કે અરજદારોને જવાબ સુધ્ધાં અપાતો નથી. જેના કારણે અરજદારોને હાઈકોર્ટ સુધી લીટીગેશન્સ કરવાની ફરજ પડે છે. અને તેના કારણે હાઈકોર્ટ પર બિનજરૂરી રીતે કોર્ટ કેસોનું ભાર વધે છે. બબ્બે વર્ષ સુધી જમીન માપણીની અરજી પર કોઈ જ કાર્યવાહી નહીં થતાં જસ્ટિસ નિર્ઝર એસ. દેસાઈએ ગાંધીનગર ડીઆઈએલઆરને રૂા.૨૫ હજારનો દંડ ફટકાર્યો હતો. હાઈકોર્ટે ડીઆઈએલઆર કચેરીના આવા કસૂરવાર અધિકારીઓ વિરૂધ્ધ યોગ્ય પગલાં લેવા અર્થે હુકમની નકલ રેવન્યુ સેક્રેટરીને મોકલી આપવા પણ હુકમ કર્યો હતો.

હાઈકોર્ટે ડીઆઈએલઆર કચેરી અને ફરજમાં ઉદાસીનતા દાખવનાર આવા અધિકારીઓના વલણ પરત્વે ગંભીર નારાજગી વ્યકત કરતા જણાવ્યું હતું કે, રોજેરોજ હાઈકોર્ટ સમક્ષ આ પ્રકારના કેસો આવી રહ્યા છે કે જેમાં ડીઆઈએલઆર દ્વારા અરજદારોની જમીન માપણીની અરજી સહિતની અરજીઓ પરત્વે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી કે, તેમને યોગ્ય જવાબ કે પ્રતિસાદ પાઠવવામાં આવતો નથી. અને સાચી માપણી કરતાં અંગેની અરજીના પ્રસ્તુત કેસમાં ડીઆઈએલઆર, ગાંધીનગર સમક્ષ દોઢ વર્ષ કરતાં પણ વધુ સમયથી અરજી પડતર પડી રહી છે. આવા કેસોમાં અરજદારોને એક નાનો હુકમ મેળવવા પણ હાઈકોર્ટ સુધી લાંબા થવું પડે છે અને કોર્ટમાં અરજી કરવી પડે છે. જેના કારણે લોકો પર આર્થિક બોજો તો વધે જ છે, સાથે સાથે અદાલતમાં બિનજરૂરી રીતે કેસોનું ભારણ પણ વધારે છે.

પ્રસ્તુત કેસમાં અરજદાર સમાજના નાના વર્ગમાંથી આવે છે અને તેની જમીન માપણીની અરજી ડીઆઈએલઆર, ગાંધીનગર સમક્ષ બે વર્ષ સુધી પડતર રહેતાં તેને નાછૂટકે હાઈકોર્ટમાં આ અરજી કરવાની ફરજ પડી છે.

કસૂરવાર અધિકારીઓ વિરૂધ્ધ પગલાં ભરવા હુકમ

જેઈઈ મેઈન્સમાં એલન ગુજરાતના બે વિદ્યાર્થીઓ સ્ટેટ ટોપર્સ

અમદાવાદ,તા.૨૫

નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ જેઈઈ-મેઈન ૨૦૨૪ના પરિણામ ગુરુવારે જાહેર કર્યું છે. ફરી એકવાર, એલન કેરિયર ઈન્સ્ટિટયૂટ પરિણામમાં તેની શ્રેષ્ઠતા સાબિત કરી છે. જેમાં એલન ગુજરાતનાં ૪ વિદ્યાર્થીઓએ એઆઈઆર ટોપ ૧૦૦માં સ્થાન પ્રાપ્ત કર્યું છે. જ્યારે એલન અમદાવાદમાં ૨ વિદ્યાર્થીઓ એઆઈઆર ટોપ ૨૦૦માં અને ૭ વિદ્યાર્થીઓએ એઆરઆઈ ટોપ ૫૦૦માં સ્થાન મેળવીને શાનદાર પરિણામ મેળવ્યું છે.

ચાર વિદ્યાર્થીઓએ ઓલ ઈન્ડિયા રેન્ક ટોપ ૧૦૦માં સ્થાન મેળવ્યું

જેઈઈ મેઈન ૨૦૨૪ની પરીક્ષાનું આયોજન જાન્યુઆરી અને એપ્રિલ મહિનામાં એનટીએ દ્વારા કરવામાં આવ્યું હતું. જાન્યુઆરી મહિનામાં ૨૪ જાન્યુઆરીથી ૧લી ફેબ્રુઆરી વચ્ચે પરીક્ષા યોજાઈ હતી. જ્યારે એપ્રિલ મહિનામાં ૪ થી ૯ તારીખ દરમિયાન પરીક્ષા લેવામાં આવી હતી. આજે આ બંને પરીક્ષાના સર્વોચ્ચ એનટીએ સ્કોરના આધારે વિદ્યાર્થીઓનો ઓલ ઈન્ડિયા રેન્ક જાહેર કરવામાં આવ્યો છે.

એલન કેરિયર ઈન્સ્ટિટયૂટનાં ગુજરાત ઝોનલ હેડ પંકજ કાબરાએ તમામ વિદ્યાર્થીઓને શાનદાર પરિણામ બદલ અભિનંદન પાઠવ્યા તેમણે જણાવ્યું હતું કે, એલન અમદાવાદના કુલ ૧૩ વિદ્યાર્થીઓએ એઆઈઆર ટોપ ૧૦૦૦માં, ૨૨ વિદ્યાર્થીઓએ એઆઈઆર ટોપ ૨૦૦૦માં અને કુલ ૩૫ વિદ્યાર્થીઓએ એઆઈઆર ટોપ ૩૦૦૦માં સ્થાન પ્રાપ્ત કર્યું છે. એલન અમદાવાદનાં કુલ ૧૬ વિદ્યાર્થીઓ ફિઝિકસમાં ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા છે. જ્યારે ૩ વિદ્યાર્થીઓએ કેમેસ્ટ્રીમાં અને ૨ વિદ્યાર્થીઓએ ગણિતમાં ૧૦૦ પર્સન્ટાઈલ સ્કોર કર્યા છે. જો વાત ગુજરાતી માધ્યમની તો એલન અમદાવાદનાં ત્રણ વિદ્યાર્થીઓએ ૯૯+ પર્સન્ટાઈલ મેળવીને અમદાવાદ સેન્ટરને ગૌરવ અપાવ્યું છે. જ્યારે ઓવરઓલ બંને સત્રમાં એલનની કુલ ૫૬ વિદ્યાર્થીઓએ ૧૦૦ પર્સન્ટાઈલ મેળવ્યા છે. સ્ટેટ વાઈસ ટોપર્સની વાત કરીએ તો દેશભરમાંથી કુલ ૭૯ વિદ્યાર્થીઓએ વિવિધ રાજ્યોમાં ટોપ કર્યું છે. જેમાંથી ગુજરાતનાં બે સ્ટેટ ટોપર્સ શામેલ છે.

કમલમ ખાતે દેવીપુજક સમાજના અગ્રણીઓ ભાજપમાં જોડાયા

ગાંધીનગર,તા.૨૫

આજરોજ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે દેવીપૂજક સમાજના આગેવાનો ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. આ આગેવાનોમાં અખિલ ભારતીય આદિ મહા સંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ અને વિરાટ દેવીપુજક સંઘના પ્રદેશ અધ્યક્ષ રૂપસંગ ભરભીડીયા, આદિ મહાસંઘના યુવા પ્રમુખ મુકેશભાઈ દેત્રોજીયા, વિરાટ દેવીપુજક સંઘના અમદાવાદ જિલ્લા પ્રમુખ ભાઈલાલભાઈ વાઘેલા, ધંધુકા તાલુકાના અગ્રણી શામજીભાઈ સાંબલિયા, રાવળ સમાજના અગ્રણી અશોકભાઈ રાવળ સહિતના આગેવાનોને ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે ખેસ પહેરાવીને પાર્ટીમાં સામેલ કર્યા હતા. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ, પ્રદેશ પ્રવકતા યમલભાઈ વ્યાસ, સહ પ્રવકતાઓ હિતેદ્રભાઈ પટેલ, દીપકભાઈ જોષી, ગાંધીનગર, મનપાની સ્ટે. કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલ સહીત પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

ગોધરા તાલુકાના બોડિદ્રાબુઝર્ગ ગામે

સ્વામિનારાયણ મંદિરમાં દશાબ્દી પ્રતિષ્ઠોત્સવની હર્ષોલ્લાસભેર ઉજવણી

અમદાવાદ, તા.૨૫

ગોધરા તાલુકાના બોડિદ્રાબુઝર્ગ ગામમાં મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત સ્વામિનારાયણ મંદિર આસ્થા અને શ્રધ્ધાનું કેન્દ્ર છે. શ્રી સ્વામિનારાયણ મંદિર, બિરાજમાન સ્વામિનારાયણબાપા સ્વામીબાપા ૧૦ વર્ષ થતાં શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જ્ઞાનમહોદધિ પરમ પૂજ્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજીની નિશ્રામાં શ્રી સ્વામિનારાયણ મંદિર, બોડિદ્રાબુઝર્ગમાં બિરાજમાન સ્વામિનારાયણબાપા સ્વામીબાપાનો દશાબ્દી મહોત્સવનું દ્વિદિવસીય આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવનકારી દશાબ્દી મહોત્સવે શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જ્ઞાનમહોદધિ શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની નિશ્રામાં સ્વામિનારાયણબાપા સ્વામીબાપાનું ષોડશોપચારથી પૂજન, અર્ચન, અન્નકૂટ દર્શન, આરતી, જીવનપ્રાણ અબજીબાપાશ્રીની વાતોની સમૂહ પારાયણો, કથાવાર્તા - સંતવાણી, આતશબાજી, શોભાયાત્રા વગેરે આધ્યાત્મિક સભર કાર્યક્રમો પણ યોજાયા હતા.

ઈસનપુરમાં મોબાઈલ લૂંટી યુવકની હત્યા કરનાર બે આરોપીઓને આજીવન કેદ

અમદાવાદ,તા.૨૫

શહેરના ઈસનપુર વિસ્તારમાં મોબાઈલ લૂંટીને યુવકની હત્યા કરનાર આરોપી હાર્દિક ઉર્ફે ચીમન વિનોદભાઈ અગ્રવાલ અને શ્યામ ઉર્ફે લક્કી રામપ્રસાદ રાઠોડને અત્રેના એડિશનલ સેશન્સ જજ હરેશકુમાર એચ. ઠક્કરએ ગુનેગાર ઠરાવીને આજીવન કેદની સજા અને રૂા.૩૦-૩૦ હજારનો દંડ ફટકારતો ચુકાદો જાહેર કર્યો છે. જ્યારે એક આરોપી સામે ગુનો પુરવાર નહીં થતા કોર્ટે તેને છોડી મૂકયો હતો.

બંને આરોપીને ૩૦-૩૦ હજારનો દંડ:એક આરોપીને કોર્ટે નિર્દોષ છોડી મૂકયો

જાહેરમાં યુવકની હત્યાના ચકચારભર્યા કેસના ટ્રાયલમાં રાજ્ય સરકાર તરફથી અધિક સરકારી વકીલ અજય ત્રિવેદીએ આરોપીઓને સખતમાં સજા ફટકારવાન દલીલો કરતાં જણાવ્યું હતું કે, ગત તા.૧૦-૭-૨૦૨૦ના રોજ ઉમંગ દરજી મોટરસાઈકલ લઈને ઘરેથી બહાર નીકળ્યો હતો. તેના પિતા પર રાતના ૧૧ વાગે ફોન આવ્યો હતો કે, બ્રીજ પાસે કોઈએ તમારા દીકરાને છરી મારી છે અને તેને લોહી નીકળે છે. એટલે ઉમંગ પિતા હરેશભાઈ દરજી તેમના પડોશીને લઈને ગુરુજી બ્રીજ પાસે ગયો હતો. ત્યારે ઉમંગ દરજીને છાતીના ભાગે તથા પેટના ભાગે કોઈએ ચપ્પાના ઘા મારીને વીવો કંપનીનો મોબાઈલ અને પર્સમાંથી આધારકાર્ડ, પાનકાર્ડ સહિતની વસ્તુઓ લૂંટીને નાસી ગયા હતા. આ ઘટના અંગે ઉમંગના પિતાએ ઈસનપુર પોલીસ મથકમાં ફરિયાદ કરી હતી. બીજી તરફ ઉમંગને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ઉમેગનું મૃત્યુ નીપજ્યું હતું.

આ ગુનામાં ઈસનપુર પોલીસે આરોપી હાર્દિક ઉર્ફે ચીમન વિનોદભાઈ અગ્રવાલ, શ્યામ ઉર્ફે લકકી રામપ્રસાદ રાઠોડ, કૃણાલ દિપકભાઈ દલવાડી અને અન્ય બે કિશોરોની ધરપકડ કરી હતી. સરકારપક્ષ તરફથી વધુમાં જણાવાયું કે, બે કિશોરીઓને મોબાઈલ જોઈતો હતો. ત્યારે તેમની આગળ વટ પાડવા આરોપીઓ હાર્દિક અને શ્યામ બંને ઉમંગ પોતાની મોટરસાઈકલ પર બેઠો હતો ત્યાં આવ્યા હતા. અને તેની પાસે મોબાઈલ માંગ્યો હતો. જો કે, ઉમંગે મોબાઈલ આપવાનો ઈન્કાર કરતાં આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને છરી કાઢીને ઉમંગને ઉપરાછાપરી ઘા ઝીંકી તેને લોહીલુહાણ કરી તેનો મોબાઈલ, પર્સ લૂંટી નાસી છૂટ્યા હતા. કેસના ૧૯૮૮ સાક્ષીઓએ ૩૫ દસ્તાવેજી પુરાવાઓના આધારે આરોપીઓ વિરૂધ્ધનો કેસ નિશંકપણે પુરવાર થતાં તેઓને કોર્ટે મહત્તમ સજા ફટકારવી જોઈએ. સરકારપક્ષની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે ઉપરોકત ચુકાદો આપ્યો હતો. જ્યારે કાયદાના સંઘર્ષમાં બે કિશોરીઓ સામે જુવેનાઈલ કોર્ટમાં કેસ ચાલી રહ્યો છે.

દસ વર્ષથી ફરજ બજાવી રહેલા અધિકારીઓની બદલી કરવા માંગ

અમદાવાદ,તા.૨૫

શહેરમાં એએમટીએસ બસો પૂર ઝડપે દોડી રહી છે. જેથી અનેક અકસ્માતો થયા છે. એએમટીએસ બસોની કથળથી પરિસ્થિતિને જોતા વિપક્ષ દ્વારા અધિકારીઓના વહીવટ પર આક્ષેપ કરવામાં આવ્યા હતા અને તેમની બદલી કરવા માટે કમિશ્નરને પત્ર લખી જાણ કરવામાં આવી છે.

વિપક્ષનેતા અહેઝાદ ખાન પઠાણે જણાવ્યું હતું કે, ટ્રાન્સપોર્ટ મેનેજર ડે. ટ્રાન્સપોર્ટ મેનેજર એલ. પાંડે, ડે. ટ્રાન્સપોર્ટ મેનેજર કેકનીકલને છેલ્લા ઘણા સમયથી એક જ જગ્યા પર રાખવામાં આવ્યા છે. છેલ્લા દસ વર્ષમાં અકસ્માત થયા છે. તેમના વિરૂધ્ધ કોઈ પગલાં લેવામાં આવ્યા નથી કે પીડિતોને વળતર ચુકવવામાં આવ્યું નથી અનેક કોર્ટ કેસો ચાલે છે. પરંતુ યોગ્ય નીકાલ કરવામાં આવ્યો નથી.

OMKARA
ASSETS RECONSTRUCTION Pvt. Ltd.

ઓમકારા એસેટ રીકન્સ્ટ્રકસન પ્રાઈવેટ લીમીટેડ
રજીસ્ટર્ડ ઓફીસ: નં. ૯, એમ પી નગર, ફર્સ્ટ સ્ટ્રીટ, કોંગુનગર, એક્સટેન્શન, તિરુપૂર, ૬૪૧૬૬૭
કોર્પોરેટ ઓફીસ: કોહિનૂર સ્કવેર, ૪૭મો માળ, એન.સી.કેળકર માર્ગ, આર.જી.ગડકરી ચોક, દાદર (પશ્ચિમ), મુંબઈ ૪૦૦૦૨૮.
ટેલી: ૦૨૨-૨૬૫૪૪૦૦૦ | ઈમેઈલ: Mumbai@omkaraarc.com > www.omkaraarc.com

[પરિશિષ્ટ – ૪-એ] [૯(૧) સાથે વંચાણે લેવામાં આવતા નિયમ ૮(૬)ની જોગવાઈ જુઓ]
સ્થાવર મિલકતની ઈ-હરરાજી માટે જાહેર નોટીસ
ઈ-હરરાજીની તારીખ: ૧૭.૦૫.૨૦૨૪
સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૯(૧) સાથે વંચાણે લેવામાં આવતા નિયમ ૮(૬)ની જોગવાઈ સાથે વંચાણે લેવામાં આવતા સિક્યુરાઈટેઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ("સરફેસી એક્ટ") હેઠળ સ્થાવર

મિલકતના વેચાણ માટે ઈ-હરરાજી નોટીસ

સામાન્ય રીતે જનતાને અને વિશિષ્ટ રૂપે કરજદાર(રો) અને જામીનદાર(રો)ને નોટીસ આપવામાં આવે છે કે સીક્યોર્ડ ક્રેડીટરને મોર્ટગેજ/ચાર્જ કરવામાં આવેલી નિમ્નવર્ણિત સ્થાવર મિલકત કે જેનો ભૌતિક/સાંકેતિક કબ્જો ઓમકારા એસેટ રીકન્સ્ટ્રકસન પ્રાઈવેટ લીમીટેડ (ઓએઆરપીએલ)ના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવેલ છે.
ઓએઆરપીએલ એ ધ કંપનીઝ એક્ટ, ૧૯૫૬ હેઠળ સંસ્થાપિત કંપની છે તથા તે રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા સાથે એસેટ રીકન્સ્ટ્રકસન કંપની તરીકે રજીસ્ટર્ડ થયેલ છે અને નં. ૯, એમ પી નગર, ફર્સ્ટ સ્ટ્રીટ, કોંગુનગર, એક્સટેન્શન, તિરુપૂર, ૬૪૧૬૬૭ ખાતે રાજીસ્ટર્ડ ઓફીસ તથા કોહિનૂર સ્કવેર, ૪૭મો માળ, એન.સી.કેળકર માર્ગ, આર.જી.ગડકરી ચોક, દાદર (પશ્ચિમ), મુંબઈ ૪૦૦૦૨૮ કોર્પોરેટ ઓફીસ ધરાવે છે.
અગાઉની આંધ્ર બેંક, અગાઉની દેના બેંક, બેંક ઓફ બરોડા, બેંક ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન બેંક અને આઈડીબીઆઈ બેંકએ સંઘવી એક્સપોર્ટ્સ ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લીમીટેડના કરજ ઓમકારા પીએસ ૦૫/૨૦૧૭-૧૮, ૦૬/૨૦૨૧-૨૨ ટ્રસ્ટ, ઓમકારા પીએસ ૧૫/૨૦૧૮-૧૯ ટ્રસ્ટ, ઓમકારા પીએસ ૨૭/૨૦૧૯-૨૦ ટ્રસ્ટ, ઓમકારા પીએસ ૨૦/૨૦૨૦-૨૧ ટ્રસ્ટ, ઓમકારા પીએસ ૩૦/૨૦૨૦-૨૧ ટ્રસ્ટ, ઓમકારા પીએસ ૦૨/૨૦૨૩-૨૪ ટ્રસ્ટનાં ટ્રસ્ટીની હેસિયતથી કાર્ય કરતા ઓએઆરપીએલને એસાઈન કરેલ છે, જુઓ તારીખ ૩જી જાનુઆરી, ૨૦૧૮, ૧૪ ડીસેમ્બર, ૨૦૧૮, ૩૧ માર્ચ ૨૦૨૦, ૩૧ ડીસેમ્બર, ૨૦૨૦, ૩૧ માર્ચ ૨૦૨૧ ૯ ૨૯ એપ્રિલ, ૨૦૨૩થી દિનાંકિત એસાઈનમેંટ.
તદનુસાર ઓએઆરપીએલ બાકી લેણાની વસૂલાત કરવા અને સીક્યુરીટીઝનો અમલ કરવાને હકદાર છે. સરફેસી એક્ટની કલમ૧૩(૨) અને (૪)ની જોગવાઈઓ હેઠળના અધિકારો અને સત્તાનો અમલ કરતાં, નીચે દર્શાવેલ કરજદારો અને જામીનદારો પાસેથી સીક્યોર્ડ ક્રેડીટર તરીકે ઓએઆરપીએલના અને તેના કોન્સોર્ટિયમ સભ્યોના બાકી લેણાની સંબંધિત કોલમમાં દર્શાવેલી રકમની વસૂલાત માટે આ મિલકતનું "જેમ છે તેમ", "જે છે તે" અને જે કંઈ છે તે" ધોરણે તા. ૧૭.૦૫.૨૦૨૪ના રોજ ૧૧:૦૦ એએમ સમયે વેચાણ કરવામાં આવશે. (બીડ રજૂ કરવાની છેલ્લી તારીખ અને સમય ૧૬.૦૫.૨૦૨૪, ૦૫:૦૦ પીએમ)
સંબંધિત મિલકતની અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) સંબંધિત કોલમમાં દર્શાવેલી છે. , કરજદારો, મોર્ટગેજરો અને સ્થાવર મિલકતો તથા જાણીતા બોજા, જો હોય તો, નું વર્ણન અહીં નીચે આપેલ છે.

કરજદારો અને જામીનદારોના નામ	બાકી લેણી રકમ રૂ. માં	ડીમાંડ નોટીસની તારીખ	સાંકેતિક/ભૌતિક કબજાની તારીખ
કરજદારો: સંઘવી એક્સપોર્ટ્સ ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લીમીટેડ (આઈબીસી, ૨૦૧૬ હેઠળ લિક્વિડેશનમાં) જામીનદારો: (૧) શ્રી કલ્પેશ વી સંઘવી (૨) શ્રી જયેશ વી સંઘવી (૩) શ્રી કિરતિલાલ આર સંઘવી (૪) શ્રી ચંદ્રકાંત આર સંઘવી (૫) શ્રી રમેશચંદ્ર આર સંઘવી (૬) શ્રી કેતન કે સંઘવી (૭) શ્રી વિરેન કે સંઘવી (૮) શ્રી આગમ કે સંઘવી (૯) શ્રીમતી ભરતિબેન વી સંઘવી (૧૦) શ્રીમતી પ્રમિલાબેન કે સંઘવી (૧૧) શ્રીમતી કલ્પનાબેન આર સંઘવી (૧૨) શ્રીમતી દેવિકાબેન સી સંઘવી (૧૩) કુ. નિકિતાબેન વી સંઘવી (૧૪) કિરતિલાલ આર સંઘવી (HUF) (૧૫) રમેશચંદ્ર આર સંઘવી (HUF) (૧૬) ચંદ્રકાંત આર સંઘવી (HUF) (૧૭) વસંતલાલ સંઘવી (HUF) (૧૮) સંઘવી ફેમિલી ટ્રસ્ટ (૧૯) રોયલ એસ્ટેટ હોલ્ડિંગ ઈન્ડિયા પ્રા. લી. (૨૦) સંઘવી સ્ટાર રીટેઈલ પ્રા. લી. (૨૧) સંઘવી જવલેરી મેન્યૂ. પ્રા. લી. (૨૨) સંઘવી ડાયમંડ મેન્યૂ. પ્રા.લી.	કુલ લેણા તા.૧૫.૧૨.૨૦૨૦સુધીના ૧૦૫૨,૩૭,૪૮,૭૭૧ (કુલ રૂપિયા એક હજાર બાવન કરોડ સાડત્રીસ લાખ અડતાલીસ હજાર સાતસો એકોતેર પૂરા)	૦૯.૧૨.૨૦૧૯	સાંકેતિક કબ્જો ૧. ૧૫.૧૨.૨૦૨૦ ભૌતિક કબ્જો

ફાયનાન્શ્યલ ક્રેડીટર	૧૫.૧૨.૨૦૨૦ના રોજ બાકી લેણા
ARPL	
અગાઉની આંધ્ર બેંકના એસાઈની તરીકે	૭૯,૧૪,૮૯,૯૮૫
અગાઉની દેના બેંકના એસાઈની તરીકે	૧૨૦,૮૪,૩૨,૦૮૯
બેંક ઓફ બરોડાના એસાઈની તરીકે	૬૯,૫૩,૪૪,૬૯૨
બેંક ઓફ ઈન્ડિયાના એસાઈની તરીકે	૪૦૪,૦૪,૯૯,૨૫૦
ઈન્ડિયન બેંકના એસાઈની તરીકે	૯૧,૭૮,૭૧,૬૦૨
આઈડીબીઆઈ બેંકના એસાઈની તરીકે	૬૬,૪૮,૦૩,૦૦૭
પેટા-સરવાળો (OARPL)	૮,૩૬,૮૬,૩૮,૫૨૫
સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા	૧૨૧,૮૫,૪૭,૬૯૭
યુનિયન બેંક ઓફ ઈન્ડિયા	૯૩,૯૫,૯૨,૫૪૯
પેટા-સરવાળો	૨૨૧,૯૯,૧૪,૧૫૩
કુલ સરવાળો	૧૦૫૨,૩૭,૪૮,૭૭૧

ક્રમાંક (નિમ્ન શિડ્યુલ મુજબ)	કબ્જાની તારીખ
૨ થી ૪	૩૦.૦૪.૨૦૨૩
૫ થી ૧૪	૨૧.૦૮.૨૦૨૩
૧૫	૨૦.૦૮.૨૦૨૩

ક્રમ	સ્થાવર મિલકતનું વર્ણન	મોર્ટગેજર	ક્ષેત્રફળ	નિરીક્ષણની તારીખ અને સમય	અનામત કિંમત (રૂ. લાખમાં)	ઈએમડી (રૂ. લાખમાં)	બીડ ઈજાફાની રકમ (રૂ. લાખમાં)
૧	૧૫ મેથ્યુ રોડ, ઓપેરા હાઉસ, મુંબઈ, ખાતે આવેલ ગીરગામ ડીવીઝનના કેડેસ્ટલ સર્વે નં. ૧૫૦૧ (નવા સર્વે નં. ૩/૮૦૧૯, ૭/૮૦૧૯, ૫/૮૦૧૯ અને ૨/૮૦૦૭ પાર્ટ) પરવતી જમીન પર બાંધવામાં આવેલ મેહતા મહલના ૪થા માળે આવેલ ઓફીસ પ્રિમાઈસીસ નં. ૪૦૨, બે (૨) કાર પાર્કિંગ સાથે. જાણીતા બોજા: સમરી સ્યુટ નં. ૧૩૪૫/૨૦૧૭માં બોમ્બે સીટી સિવિલ કોર્ટ દ્વારા આપવામા આવેલ ૦૨.૦૫.૨૦૧૯થી દિનાંકિત ડિક્રી મુજબ, મોર્ટગેજરએ સ્યુટ ફાઈલ કરવાની તારીખ (૨૬.૦૯.૨૦૧૭)થી વસૂલાત સુધી રૂ. ૧૩,૦૩,૨૫૧/- પર ૭૯%ના વ્યાજ સાથે રૂ. ૧૪,૫૪,૦૦૯/-ની રકમ દૃષ્ટિ હોસ્પિટલ ફૂ. પ્રા.લી.ને ચુકવવા પાત્ર છે.	રોયલ એસ્ટેટ હોલ્ડિંગ (ઈન્ડિયા) પ્રા. લી.	૩૧૮૦ ચો. ફૂ. BUA (૨૬૫૦ ચો.ફૂ. કાર્પેટ)	૦૩.૦૫.૨૦૨૪ ૧૧:૦૦ એએમ થી ૧૨:૦૦ પીએમ	૬૯૬	૬૯.૫૭	૧૦.૦૦
૨	સિવિલ કોર્ટ પાસે, ટાઉન નવી ડીસા, તા: ડીસા, જી: બનાસકાંઠા, ઉત્તર ગુજરાત ખાતે આવેલ શીટ નં. અને સર્વે નં. ૩૯/૫૮૭/એ પરવતી જમીન તેની પરના બીલ્ડીંગ અને સ્ટ્રક્ચર સાથે.	(૧) કીર્તિલાલ આર સંઘવી (૨) શ્રી રમેશચંદ્ર આર સંઘવી (૩) શ્રી ચંદ્રકાંત આર સંઘવી	જમીન- ૧૪૭૬૩.૮૧ ચો.ફૂ. મકાન- ૭૦૨૦ ચો.ફૂ. આશરે	૦૪.૦૫.૨૦૨૪ ૧૧:૦૦ એએમ થી ૧૨:૦૦ પીએમ	૩૩૨	૩૩.૨૧	૫.૦૦
૩	ન્યાય મંદિર (કોર્ટ) પાસે, ટાઉન નવી ડીસા, તા: ડીસા, જી: બનાસકાંઠા, ઉત્તર ગુજરાત ખાતે આવેલ શીટ નં ૩૯, સીટી સર્વે નં. ૫૮૭(એ) (અધાટ જમીન)પરવતા પ્લોટ નં. ૧૪ની તેના પરના બીલ્ડીંગ અને સ્ટ્રક્ચર સાથે સુવાંગ મિલકત.	શ્રીમતી કલ્પનાબેન રમેશચંદ્ર સંઘવી	૧૮૦૦ ચો.ફૂ.		૩૬	૩.૫૬	૧.૦૦
૪	ન્યાય મંદિર (કોર્ટ) પાસે, ટાઉન નવી ડીસા, તા: ડીસા, જી: બનાસકાંઠા, ઉત્તર ગુજરાત ખાતે આવેલ શીટ નં ૩૯, સીટી સર્વે નં. ૫૮૭(એ) (અધાટ જમીન)પરવતા પ્લોટ નં. ૧૩ની તેના પરના બીલ્ડીંગ અને સ્ટ્રક્ચર સાથે સુવાંગ મિલકત.	શ્રીમતી પ્રમિલાબેન કીર્તિલાલ સંઘવી	૯૩૦ ચો.ફૂ.		૧૯	૧.૮૬	૦.૫૦
	નોંધ નં. ૧૩૬૪, સીટી સર્વે વોર્ડ નં. ૬, સુરત પરવતી જમીન પર બાંધવામાં આવેલ જેમ એવન્યુ બીલ્ડીંગમાં આવેલ ક્રમ ૫ ૬ ૬ ખાતે નિમ્નલિખિત ઓફીસ પ્રિમાઈસીસ, જમીન અને ફિક્સચરસ અને ફીટીંગ્ઝમાં અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે.						
૫	૩જા માળ પર ઓફીસ પ્રિમાઈસીસ નં. ૦૭	(૧) સ્વ. શ્રી વસંતલાલ આર સંઘવી (હવે તેમના કાનુની વારસો) અને (૨) વસંતલાલ આર સંઘવી (HUF)	૫૦૦ ચો.ફૂ. BUA	૦૨.૦૫.૨૦૨૪ ૧૧:૦૦ એએમ થી ૧૨:૦૦ પીએમ	૩૨	૩.૧૬	૧.૦૦
૬	૧લા માળ પર ઓફીસ પ્રિમાઈસીસ નં. ૦૪	શ્રી રમેશચંદ્ર રવચંદ સંઘવી અને (૨) રમેશચંદ્ર રવચંદ સંઘવી (HUF)	૫૦૦ ચો.ફૂ. BUA		૩૨	૩.૧૬	૧.૦૦
	મોજે ગામ અડાજણ, અડાજણ રોડ, સુરતના રેવન્યુ સર્વે નં. ૫૪૦/૧, ૨ અને ૩ પૈકી, ટીપીએસ નં. ૧૦ના ફાયનાલ પ્લોટ નં. ૯૨૦ પૈકી સબ-પ્લોટ નં. એ,બી, અને સી, ક્રમ ૭,૮,૯,૧૦,૧૧,૧૨,૧૩, અને ૧૪ ખાતે નિમ્નલિખિત ફ્લેટ.						
૭	ટાવર ૪માં ફ્લેટ નં. ૪૦૨	શ્રી કિર્તિભાઈ રવચંદ સંઘવી	૧૦૨૯ ચો.ફૂ. કાર્પેટ	૦૨.૦૫.૨૦૨૪ ૩:૦૦ પીએમ થી ૫:૦૦ પીએમ	૩૦	૨.૯૭	૧.૦૦
૮	ટાવર ૪માં ફ્લેટ નં. ૪૦૧	શ્રી કેતન કીર્તિલાલ સંઘવી	૧૦૨૯ ચો.ફૂ. કાર્પેટ		૩૦	૨.૯૭	૧.૦૦
૯	ટાવર ૫માં ફ્લેટ નં. ૫૦૨ જુલાઈ ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ સુધી મેંટેનન્સ ચાર્જીસ રૂ. ૧૪,૮૫૦/- ઓવરડ્યુ	શ્રીમતી દેવિકાબેન ચંદ્રકાંત સંઘવી	૧૧૩૬ ચો.ફૂ. કાર્પેટ		૩૩	૩.૩૩	૧.૦૦
૧૦	ટાવર ૫માં ફ્લેટ નં. ૫૧૧ જુલાઈ ૨૦૨૩ થી સપ્ટેમ્બર ૨૦૨૩ સુધી ભાડું મેંટેનાન્સ રૂ. ૧૫૦૦/★- ઓવરડ્યુ જુલાઈ ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ સુધી મેંટેનન્સ ચાર્જીસ રૂ. ૧૩,૫૦૦/- ઓવરડ્યુ	શ્રીમતી નિકિતા વિરેન સંઘવી	૧૦૨૯ ચો.ફૂ. કાર્પેટ		૩૦	૨.૯૭	૧.૦૦
૧૧	ટાવર ૨માં ફ્લેટ નં. ૨૦૧	શ્રી ચંદ્રકાંત રવચંદભાઈ સંઘવી	૮૧૧ ચો.ફૂ. કાર્પેટ		૨૪	૨.૪૩	૧.૦૦
૧૨	ટાવર ૧માં ફ્લેટ નં. ૧૦૨	શ્રીમતી પ્રમિલાબેન કીર્તિભાઈ સંઘવી	૮૧૬ ચો.ફૂ. કાર્પેટ		૨૪	૨.૪૩	૧.૦૦
૧૩	ટાવર ૩માં ફ્લેટ નં. ૩૦૧	શ્રી રમેશ રવચંદભાઈ સંઘવી	૧૧૩૬ ચો.ફૂ. કાર્પેટ		૩૩	૩.૩૩	૧.૦૦
૧૪	ટાવર ૩માં ફ્લેટ નં. ૩૦૨	શ્રીમતી કલ્પનાબેન રમેશભાઈ સંઘવી	૧૦૨૯ ચો.ફૂ. કાર્પેટ		૩૩	૨.૯૭	૧.૦૦
૧૫	એફએલડબલ્યુટી નં. ૫૦૧, બીલ્ડીંગ નં. ૨, મેઘ મયુર એપાર્ટમેન્ટ્સ, લોર્ડ્ઝ કોંવેંત સ્કૂલ સામે, અઠવાલાઈન્સ, સુરત	રમેશભાઈ આર સંઘવી HUF	૧૨૧૦ ચો.ફૂ. કાર્પેટ		૪૧	૪.૧૦	૧.૦૦

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપયા https://omkaararc.com/auction.php માં આપવામાં આવેલી લિંક જુઓ.
નિયમો અને શરતો:
૧. ORAPLના માન્ય સેવસા પ્રદાતા મે. સી-૧ ઈન્ડિયા પ્રા.લી.ગુરગાંવ મારફત 'ઓનલાઈન' હરરાજી કરવામાં આવશે. ઓનલાઈન હરરાજી બીડ ફોર્મ, વેચાણના સામાન્ય નિયમો અને શરતો ધરાવતો ઈ-હરરાજી દસ્તાવેજ https://www.bankjauctions.com પર ઉપલબ્ધ છે (સપોર્ટ ઈમેઈલ આઈડી: support@bankauctions.com અને સપોર્ટ મોબાઈલ નં. ૯૧ ૭૨૯૧૯૮૧૧૨૪/૨૫/૨૬)
૨. ઈચ્છા ધરાવતા બીડર્સ જેમણે ઈએમડી જમા કરવી દીધેલ છે અને લોગ ઈન આઈડી પાસવર્ડ બનાવવામાં, ડેટા અપલોડ કરવામાં, બીડ રજૂ કરવામાં સહાયની જરૂર છે તેઓ ઈ-હરરાજી સેવા પ્રદાતા મે. સી૧ ઈન્ડિયા પ્રા.લી., ટેલિ-હેલ્પલાઈન નં. ૯૧ ૭૨૯૧૯૮૧૧૨૪/૨૫/૨૬, ઈમેઈલ આઈડી: support@bankauctions.com પર તથા શ્રી ભાવિક પંડ્યા, મોબાઈલ નં. ૮૯૬૬૬૮૨૯૩૭ ઈમેઈલ: Maharashtra@c1india.com પર સંપર્ક કરી શકે છે.
૩. મિલકત સંબંધિત પૂછપરછ અથવા મિલકતના નિરીક્ષણ શિડ્યુલ અંગે રસ ધરાવનાર વ્યક્તિઓ સંબંધિત અધિકૃત અધિકારી શ્રી નીલમ પટેલ (મોબાઈલ નં. ૯૮૧૯૯૬૩૪૪૪) (ઈમેઈલ આઈડી: neelam.patel@omkaraarc.com)અને અક્ષય શાહ (મોબાઈલ નં. ૯૮૩૩૫૦૫૮૯૧) (ઈમેઈલ આઈડી: akshay.shah@omkaraarc.com નો અથવા ઉપરોક્ત સરનામે કામકાજના દિવસો દરમિયાન ઓફીસ સમય દરમિયાન સંપર્ક કરી શકે છે.
૪. સ્થાવર મિલકતનું વેચાણ લોટ અનુસાર કરવામાં આવશે.
૫. અધિકૃત અધિકારીની શ્રેષ્ઠ જાણકારી અને માહિતી મુજબ, ઉપરોક્ત સિવની કોઈપણ મિલકત પર જાણીતો બોજો નથી.
વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપયા https://omkaararc.com/auction.php માં આપવામાં આવેલી લિંક જુઓ.
સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના ૮(૬) અને નિયમ ૬(૨) હેઠળ વેચાણ માટેની સંવૈધાનિક નોટીસ
આ નોટીસ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૮(૬) અને નિયમ ૬(૨) અને ૫ સિક્યુરાઈટેઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની જોગવાઈઓ હેઠળ ઉપરોક્ત લોન ખાતાના કરજદાર(રો)ને ઉપરોક્ત તારીખે અને સમયે જાહેર હરરાજી મારફત વેચાણ કરવા અંગે તેઓને જાણ કરતી ૧૫ (પંદર) દિવસીય ફરજિયાત નોટીસ પણ છે તથા જો તેઓ ઈચ્છતા હોય તો અહીં ઉપર જણાવેલ બાકી લેણાની રકમ ચુકવણીની તારીખ સુધી આગળના વ્યાજ, શુલ્ક અને ખર્ચા સાથે ચુકવીને મિલકતોની પુનઃપ્રાપ્તિ કરવાની સૂચના આપવામા આવે છે. ચુકવણીમાં કસૂર થવાની સ્થિતિમાં, અધિકૃત અધિકારી/સીક્યોર્ડ ક્રેડીટરના વિવેક મુજબ, ૫ સીક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેંટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮(૫) હેઠળ સૂચિત કરવામાં આવ્યા મુજબ કોઈપણ રીતે મિલકતનું વેચાણ કરવામાં આવશે.

અધિકૃત અધિકારી,
ઓમકારા એસેટ રીકન્સ્ટ્રકસન પ્રાઈવેટ લીમીટેડ
(ઓમકારા પીએસ ૦૫/૨૦૧૭-૧૮, ૦૬/૨૦૨૧-૨૨ ટ્રસ્ટ, ઓમકારા પીએસ ૧૫/૨૦૧૮-૧૯ ટ્રસ્ટ, ઓમકારા પીએસ ૨૭/૨૦૧૯-૨૦ ટ્રસ્ટ, ઓમકારા પીએસ ૨૦/૨૦૨૦-૨૧ ટ્રસ્ટ, ઓમકારા પીએસ ૩૦/૨૦૨૦-૨૧ ટ્રસ્ટ, ઓમકારા પીએસ ૦૨/૨૦૨૩-૨૪ ટ્રસ્ટનાં ટ્રસ્ટીની હેસિયતથી કાર્ય કરતા)

તારીખ: ૨૬.૦૪.૨૦૨૪
સ્થળ: મુંબઈ